## સંસ્કૃત-સુભાષિત-સ્યન્દિકા
## સૂર્ય બન્યો ચન્દ્ર!
*વિજય પંડયા*

'હે પ્રિયંવદ (લક્ષ્મણનું રામને સંબોધન), જે તમને પ્રિય છે તે સમય આવી પહોંચ્યો છે, જેનાથી શુભ વર્ષ અલંકૃત હોય તેવું શોભે છે. ૧.

જગત હિમથી કઠોર થઈ ગયું છે, પૃથ્વી ફસલના ઢગલાથી શોભે છે, જળ ઉપયોગ કરી શકાય તેવાં રહ્યાં નથી, અગ્નિ આવકાર્ય બન્યો છે. ૨.

સૂર્ય યમથી સેવાતી દક્ષિણ દિશા પ્રતિ ગતિ કરી રહ્યો છે ત્યારે તિલકવિહીના સ્ત્રી જેવી ઉત્તર દિશા શોભતી-પ્રકાશતી નથી. ૩.

બપોરે સ્પર્શ સુખકારક હોવાથી ટહેલવું અતિ આનંદભર્યું બન્યું છે. આ દિવસોમાં સૂર્ય આવકાર્ય બન્યો છે અને છાયા અને જળ અકારાં બન્યાં છે. ૪.

જ્યોત્સ્ના ઝાકળથી ઝાંખી થઈ ગઈ હોવાથી પૂર્ણિમાએ તે શોભતી નથી, તડકાથી શ્યામ થએલી સીતા જેવી તે દેખાય છે, પણ શોભતી નથી. ૫.

હિમ અને ઝાકળથી ઢંકાએલાં સમીપ આવતાં કિરણો સાથેનો દૂર ઊગેલો સૂર્ય ચન્દ્રમા જેવો દેખાય છે. ૬.

(વાલ્મીકિ રામાયણ, અરણ્યકાણ્ડ, ૩-૧૫-૪, ૫,૮,૧૦,૧૪,૧૮)

આ વાલ્મીકિએ કરેલા હેમન્તઋતુના વર્ણનાંશને હવે પછીના આ લેખમાં આવનારાં હેમન્તનાં વર્ણનો સાથે સહૃદય ભાવક સરખાવી શકે તે માટે કેવળ અનુવાદ મૂકયો છે. (મૂળ સંસ્કૃત લેખને અંતે વાંચી શકાશે)[1]

બપોરે ટહેલવું, ઝાળકથી જ્યોત્સ્નાનું ઝાંખું પડવું અને તેથી તેનું તડકામાં શ્યામ થએલી સીતા જેવું લાગવું, હિમ અને ઝાકળમાંથી પસાર થતી દષ્ટિને સૂર્યનું ચન્દ્રમા સમુ લાગવું: આવી સાદી વિગતો વાલ્મીકિના હેમન્તઋતુનાં વર્ણનોમાં લપાએલી કવિતાને અનુપમ બનાવે છે.

આ થઈ પ્રકૃતિવર્ણનની કવિતાની એક ધારા જે પછીથી પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યમાં તન્વી(ક્ષીણ) રહી છે પણ પ્રશિષ્ટતાની અલંકૃત શૈલીથી પીનપયો(કવિતા) ધરા રહી છે. બન્ને કામ્ય અને ગ્રાહ્ય છે !

હેમન્તઋતુ આવી પહોંચી છે તો કવિ નાટયાત્મક ઢબે ઉચ્ચારે છે.

***વિશ્રામં ભજ તાલવૃન્ત, સુમનોવૈકક્ષ્યક ક્ષમ્યતાં***
***શ્રીખણ્ડદ્રવ વન્દિતો'સિ, સુમનોહારાઃપુનર્દર્શનમ્ ।***
***દીપે સંપ્રતિ કર્મસાક્ષિણિ પરિરમ્ભાય વામભ્રુવા-***
***મેકે'પિ પ્રભવન્તિ હૈમનનિશાયામા નિશાયામિનઃ ॥ ૭.***

(સદુકિતકર્ણામૃત, ૧૭૨-૨, શુભાંકના નામે, રાધાવલ્લભ ત્રિપાઠીની આવૃત્તિ)

**અનુવાદ** : (અલ્પ સ્પષ્ટીકરણ સાથે) હે, વીંઝણા, તું હવે વિશ્રામ કર. (તેં અત્યાર સુધી ઘણી સેવા આપી). હે પુષ્પોના ઉત્તરીય, ક્ષમા કરજે. (અત્યારે તારી આવશ્યકતા નથી, જરૂર પડશે ત્યારે બોલાવીશ). હે ચન્દનના લેપ, તને તો મારા (નવ ગજના) નમસ્કાર કરવા પડે. (અત્યારે તો તને અડકાય જ નહીં!) પુષ્પોની માળાઓ આવજો. (ફરી મળીએ ત્યાં સુધી).

હવે સુન્દરીઓના આલિંગનમાં પ્રહરવાળી હેમન્તની દીર્ઘ રાત્રિઓ પણ, એક દીવાની સાક્ષીમાં પસાર કરી શકાય છે.

અરે! ભાઈ, આ બધું દૂર મૂકી દેવું જરા વહેલું નથી? અરે, જુઓ તો ખરા, જોતજોતમાં તો....

***દિગ્ભાગેષુ હિમાવૃત્તિઃ પ્રતિદિનં સાન્દ્રાપિ સાન્દ્રાયતે***
***પ્રાલેયૈઃ પિહિતપ્રભો દિનપતિર્મન્દો'પિ મન્દાયતે ।***
***ભર્તુર્માન્યશુચેવ હન્ત દિવસઃ ક્ષીણો'પ્યયં ક્ષીયતે***
***તત્સંકોચનિરર્ગલેવ રજની દીર્ઘાપિ દીર્ઘાયતે ॥ ૮.***

(સદુકિતકર્ણામૃત, લક્ષ્મીધરના નામે, ૧૭૧-૩, રાધાવલ્લભ ત્રિપાઠીની આવૃત્તિ)

**અનુવાદ** : દિશાઓમાં હિમનું આચ્છાદન ગાઢ હોવા છતાં પ્રતિદિન વધુ ગાઢ બનતું જાય છે; ધૂમ્મસથી તેજ ઢંકાઈ ગએલું હોવાથી સૂર્ય મન્દ પડયો હોવા છતાં, વધુ મન્દ પડતો જાય છે; સ્વામીની સહન

થઈ શકે તેવી ઉષ્ણતાથી દિવસ ક્ષીણ બન્યો હોવા છતાં વધુ ક્ષીણ થતો જાય છે; તેના (દિવસના) સંકોચથી અવરોધ વગરની રાત્રિ દીર્ઘ હોવા છતાં, વધુ દીર્ઘ બનતી જાય છે.

પ્રશિષ્ટતાની પીનપયો(કવિતા)ધરા ધારા જે હું કહું છું તે આ છે કે, સાન્દ્રાપિ સાન્દ્રાયતે, મન્દો'પિ મન્દાયતે, શ્રીણો'પિ ક્ષીયતે, દીર્ઘાપિ દીર્ઘાયતે જેવાં ભાષાકીય સ્વરૂપો વાલ્મીકિમાં કદાપિ પ્રાપ્ત ન થાય. વધુમાં આવા પ્રયોગો (અને એ ઉપરાંત ઘણુબધું) સુભાષિતને પ્રશિષ્ટ બનાવે છે. એટલે Valmiki blazed a new trail - વાલ્મીકિએ નવો માર્ગ પ્રદીપ્ત કર્યો જે આજ સુધી ચમકતો રહ્યો છે.

આ લઘુલેખ પૂરો કરતાં પહેલાં એકબે કલ્પનો જોઈએ જે પ્રશિષ્ટિતાનાં ખાસ ચિહ્નો છે.

***મદ્‌વૈરિણઃ કઠોરાંશોરિયં પ્રણયભૂરિતિ ।***
***રોષાદિવ તુષારેણ નિરદહ્યત પદ્મિની ॥ ૯.***

(સુભાષિતાવલિ, ૧૮૩૦, બિલ્હણના નામે)

**અનુવાદ** : મારા વેરી સૂર્યની આ પ્રણયની ભૂમિ છે એમ કહી રોષમાં આવી, હિમથી હેમન્ત કમળ વેલને બાળી નાખે છે.

હેમન્તની વિદાય લેવાનો સમય આવી પહોંચતાં આપણે હેમન્તને આવજો કહેતાં કહેતાં તેની બે સારી વાતોનું સ્મરણ કરી લઈએ.

***હે હેમન્ત સ્મરિષ્યામિ યાતે ત્વયિ ગુણદ્વયમ ।***
***અયત્નશીતલં વારિ, નિશાશ્ચ સુરતક્ષમાઃ ॥ ૧૦.***

(સુભાષિતાવલિ, ૧૮૩૬, બાણના નામે)

**અનુવાદ** : હે હેમન્ત, તું જયારે ચાલ્યો ગયો હોઈશ ત્યારે પણ તારા બે ગુણોને હું સ્મરણમાં રાખીશ. કુદરતી રીતે અતિ શીતળ જળ અને સુરતક્રીડા માટેની યોગ્ય રાત્રિઓ.

અને છેલ્લે વાલ્મીકિ – રામાયણની સમીક્ષિત આવૃત્તિમાં અસ્વીકૃત બનેલું એક પદ્ય માણીને તે અનામી કવિએ વાલ્મીકિને આપેલી અંજલિમાં આપણે પણ જોડાઈએ.

***સ્પૃશન્સુવિપુલં શીતમુદકં દ્વિરદઃ સુખમ્ ।***
***અત્યન્તતૃષિતો વન્યઃ પ્રતિસંહરતો કરમ્ ॥ ૧૧.***

**અનુવાદ** : જંગલનો હાથી ઘણો તરસ્યો થયો હોવાથી અત્યંત શીતળ સ્વચ્છ જળને સ્પર્શ કરવા જતાં પોતાની સૂંઢને પાછી ખેંચી લે છે.

(વાલ્મીકિ રામાયણ સર્ગ ૧૬-૨૧, મૂઢોલકરની આવૃત્તિ, પણ સમીક્ષિત આવૃત્તિમાં સ્વીકૃત ન થએલો શ્લોક).

સંદર્ભ

***૧. અયં સ કાલઃ સંપ્રાપ્તઃ પ્રિયો યસ્તે પ્રિયંવદ ।***
***અલંકૃત ઈવાભાતિ યેન સંત્સર શુભઃ ॥ ૩-૧૫-૪.***
***નીહારપરુષો લોકઃ પૃથિવી સસ્યમાલિની ।***
***જલાન્યનુપભોગ્યાનિ સુભગો હવ્યવાહનઃ ॥ ૫.***
***સેવામાને દઢં સૂર્યે દિશમન્તકસેવિતામ્ ।***
***વિહીનતિલકેવ સ્ત્રી નોત્તરા દિક્પ્રકાશતે ॥ ૮.***
***અત્યન્તસુખસંચારા મધ્યાહ્‌ને સ્પર્શતઃ સુખાઃ ।***
***દિવસાઃ સુભગાદિત્યાશ્છાયાસલિલદુર્ભગાઃ ॥ ૧૦.***
***જ્યોત્સ્ના તુષારમલિના પૌર્ણમાસ્યાં ન રાજતે ।***
***સીતેવ ચાતપશ્યામા લક્ષ્યતે ન તુ શોભતે ॥ ૧૪.***
***મયૂખૈરુપસર્પદ્‌ભિર્હિમનીહારસંવૃતૈઃ ।***
***દૂરમભ્યુદિતઃ સૂર્યઃ શશાંક ઈવ લક્ષ્યતે ॥ ૧૮.***

---

(ઓરિએન્ટલ ઈન્સ્ટિટયૂટ, એમ.એસ.યુનિ. દ્વારા પ્રકાશિત વાલ્મીકિ-રામાયણની સમીક્ષિત આવૃત્તિનો પાઠ)

**વિજય પંડયા**
ઉપનિષદ, ૧૧એ, ન્યૂ રંગસાગર સોસાયટી, સરકારી ટયૂબવેલનો ખાંચો, બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮, મોબાઈલ : ૯૮૯૮૦૫૯૪૦૪